RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 169 Date: 10.04.2024 Wednesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# શેરબજારમાં સેન્સેક્સ ૭૫૦૦૦ને સ્પર્શ્યો, નિફ્ટીએ ૨૨૭૦૦ને પાર કર્યા બાદ લાલ નિશાનમાં બંધ રહ્યો




(એ.આર.એલ),મુંબઇ,તા.૯

ભારતીય બેન્ચમાર્ક સૂચકાંકો મંગળવારે નવી ઊંચાઈએ ખૂલ્યા હતા. યુએસ માર્કેટમાં નબળા વલણ છતાં આઈટી અને ઓટો સેક્ટરમાં ખરીદીને કારણે ભારતીય બજાર લીલું જોવા મળ્યું હતું એસએન્ડ બીએસઈ સેન્સેક્સ ૭૫,૧૨૪ની નવી ટોચે પહોંચવા માટે પ્રથમ વખત ૭૫,૦૦૦ ની સપાટી વટાવી ગયો હતો, જ્યારે વ્યાપક નિફ્ટી ૫૦ એ ૨૨,૭૬૫ ની નવી ઊંચી સપાટીએ પહોંચ્યો હતો.જો કે ત્રણ દિવસના રેકોર્ડ ઉછાળા બાદ મંગળવારે સ્થાનિક શેરબજારો લાલ નિશાનમાં બંધ થયા હતા. સપ્તાહના બીજા ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ ૫૮.૮૦ (૦.૦૭%) પોઈન્ટ ઘટીને ૭૪,૬૮૩.૭૦ પર બંધ થયો હતો. બીજી તરફ, નિફ્ટી ૨૩.૫૫ (૦.૧૦%) પોઈન્ટ્સ નબળો પડીને ૨૨,૬૪૨.૭૫ના સ્તરે બંધ રહ્યો હતો. બુધવારે શરૂઆતના કારોબારમાં સેન્સેક્સ અને નિફ્ટી તેજી તરફ વળ્યા હતા. સવારે ૯:૨૦ વાગ્યે નિફ્ટીના ૩૫ શેર લીલા નિશાન પર ટ્રેડ થઈ રહ્યા હતા જ્યારે ૧૫ શેર લાલ નિશાન પર ટ્રેડ થઈ રહ્યા હતા. આ સમયગાળા દરમિયાન હીરો મોટોકોર્પ, ઈન્ફોસિસ, ટાટા મોટર્સ, બજાજ ફાઈનાન્સ અને પાવર ગ્રીડના શેર્સ ટોપ ગેઈનર તરીકે ટ્રેડ થતા જોવા મળ્યા હતા. જ્યારે દિવ્યા લેબોરેટરીઝ, ઓએનજીસી, આઈશર મોટર્સ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર ટોપ લોઝર તરીકે ટ્રેડ થતા જોવા મળ્યા હતા. મંગળવારના ટ્રેડિંગ સેશન દરમિયાન ઈન્ફોસિસ, એક્સિસ બેંક અને ગ્લેન્ડ ફાર્માના શેરો ફોકસમાં હતા. ઈન્ફોસિસના શેરમાં બે ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. આ વધારાનું કારણ બેંક ઓફ અમેરિકા તેને ન્યુટ્રલમાંથી બાય કેટેગરીમાં અપગ્રેડ કરવાનું હતું. મંગળવારના ટ્રેડિંગ સેશન દરમિયાન ઈન્ફોસિસ, એક્સિસ બેંક અને ગ્લેન્ડ ફાર્માના શેરો ફોકસમાં હતા. ઈન્ફોસિસના શેરમાં બે ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. આ વધારાનું કારણ બેંક ઓફ અમેરિકા તેને ન્યુટ્રલમાંથી બાય કેટેગરીમાં અપગ્રેડ કરવાનું હતું. બેન કેપિટલ દ્વારા બ્લોક ડીલ દ્વારા એક્સિસ બેંકના શેરમાં ૧.૧% હિસ્સો વેચવાના સમાચાર બાદ ખાનગી બેંકના શેર સપાટ ટ્રેડ થતા જોવા મળ્યા હતા. તે જ સમયે, નિકોમેક મશીનરી અને આરપી એડવાઈઝરી સર્વિસિસ દ્વારા બ્લોક ડીલ દ્વારા ૪.૪% હિસ્સો વેચવાના સમાચાર પછી, ગ્લેન્ડ ફાર્માના શેરમાં પાંચ ટકાથી વધુનો ઘટાડો થયો હતો.

સેન્સેક્સે મંગળવારે પ્રથમ વખત ૭૫,૦૦૦નો આંકડો પાર કર્યા બાદ વધુ એક માઈલસ્ટોન હાંસલ કર્યો હતો.બીએસઈ સેન્સેક્સે અગાઉ ૧૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ પ્રથમ વખત ૭૦,૦૦૦ની સપાટી વટાવી હતી. ત્યાંથી, ઈન્ડેક્સને ૭૫ હજારના મનોવૈજ્ઞાનિક સ્તરને પાર કરવામાં માત્ર ચાર મહિનાનો સમય લાગ્યો હતો.

આ સમયગાળા દરમિયાન, ૩૦-શેર સેન્સેક્સ ઈન્ડેક્સમાં સમાવિષ્ટ કંપનીઓની સંયુક્ત બજાર મૂડીમાં રૂ. ૧૧,૯૦,૬૩૮ કરોડનો વધારો થયો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ભારતી એરટેલ લિમિટેડ અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસના શેરોએ સેન્સેક્સના માર્કેટ કેપમાં રૂ. ૧ લાખ કરોડથી વધુનું યોગદાન આપ્યું છે.

ટાટા ગ્રૂપના બે શેરો ટાટા મોટર્સ લિમિટેડ અને ટાટા સ્ટીલ લિમિટેડ આ સમયગાળા દરમિયાન સૌથી વધુ પાંચ શેરોમાં સામેલ હતા. સૌથી વધુ ઉછાળો મેળવનાર અન્ય શેરોમાં સન ફાર્માસ્યુટિકલ્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને એનટીપીસીનો સમાવેશ થાય છે. બીજી તરફ આઈટીસી લિમિટેડ, હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ અને એશિયન પેઈન્ટ્સ લિમિટેડ અને ખાનગી ધિરાણકર્તા એચડીએફસી બેંક લિમિટેડ અને એક્સિસ બેંક લિમિટેડ જેવા એફએમસીજી બિઝનેસના શેરો ઈન્ડેક્સમાં ટોચના લુઝર હતા.ટાટા મોટર્સ છેલ્લા ચાર મહિના દરમિયાન સેન્સેક્સમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર છે. આ સ્ટોક ૧૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ રૂ.માં વેચવામાં આવશે. ૭૨૦.૭૫ના સ્તરથી ૪૦.૫૪ ટકા વધીને રૂ. ૧,૦૧૨.૯૫ના સ્તરે (સોમવાર સુધીમાં) પહોંચી ગયો. આ સમયગાળા દરમિયાન સન ફાર્માના શેરમાં ૨૮.૮૬ ટકાનો વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન ટાટા સ્ટીલના શેરમાં ૨૭ ટકા, એનટીપીસીના શેરમાં ૨૬ ટકા અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરમાં ૨૬ ટકાનો વધારો થયો છે. અન્ય મુખ્ય લાભકર્તાઓમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, પાવર ગ્રીડ, મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનો સમાવેશ થાય છે, જે આ સમયગાળા દરમિયાન ૨૦ ટકાથી વધુ વધ્યા હતા.

એશિયન પેઈન્ટ્સ ચાર મહિનાના સમયગાળામાં સેન્સેક્સમાં સૌથી ખરાબ પ્રદર્શન કરનાર છે. કંપનીનો શેર ૧૦.૪૯ ટકા ઘટીને રૂ. ૨,૮૯૩.૯૦ થયો હતો, જે ૧૧ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ રૂ. ૩,૨૩૩.૧૫ હતો.એચયુએલ શેર ૯.૩૯ ટકા,એચડીએફસી બેંક ૬.૩૪ ટકા અને આઈટીસી ૫.૧૫ ટકા ઘટ્યા હતા. સેન્સેક્સના ૩૦માંથી ૨૦ શેરો ચાર મહિનાના સમયગાળામાં ઉછાળા સાથે ટ્રેડ થઈ રહ્યા છે

જિયોજીત ફાઈનાન્શિયલ સર્વિસિસના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી.કે. વિજયકુમારના જણાવ્યા અનુસાર, કોઈપણ બુલ માર્કેટ તેની નવી વિક્રમી ઊંચાઈ સ્થાપિત કરવાની ક્ષમતા દ્વારા લાક્ષણિકતા ધરાવે છે અને ભારતમાં આવું જ થઈ રહ્યું છે. તેમણે કહ્યું, ×ભારતમાં તાજેતરની રેલીની એક મહત્વની વિશેષતા એ છે કે તે મૂડી માલ, ઓટોમોબાઈલ, બેંકિંગ અને મેટલ્સ જેવા મૂળભૂત રીતે મજબૂત ક્ષેત્રો દ્વારા નેતૃત્વ કરવામાં આવે છે.

## મહિલાઓના મતદાનનું પ્રમાણ વધારવા ૨૦.૩ લાખ કરતાં વધુ આમંત્રણ પત્રિકાઓ પાઠવવામાં આવશે

ગાંધીનગર,તા.૯

વિવિધતામાં એકતા ધરાવતા ભારતમાં અનેક સાંસ્કૃતિક વિવિધતાઓ વચ્ચે એક પરંપરા એવી છે જે લગભગ દેશભરમાં જોવા મળે છે. અને એ છે આંગણે આવેલા અવસરના આમંત્રણની. પારિવારિક અને માંગલિક પ્રસંગોના આમંત્રણની પ્રથાને એક સોપાન આગળ વધારતાં ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતી દ્વારા લોકશાહીના મહાપર્વમાં મતદાન માટે મતદારોને સહપરિવાર આમંત્રણ પાઠવતી પત્રિકા મોકલવામાં આવશે.ગણતરીના દિવસોમાં જ દેશભરમાં લોકશાહીના મહાપર્વની ઉજવણી કરવામાં આવનાર છે ત્યારે રાજ્યના ૧૩ હજાર કરતાં વધુ મતદાન મથકોમાં મહિલા મતદારોની મતદાનમાં સહભાગીતા વધારવા રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં પુરૂષો અને મહિલાઓના મતદાનની ટકાવારીનો તફાવત ૧૦ ટકા કરતાં વધુ હોય તેવા અને કુલ મતદાન ૫૦ ટકા કરતાં ઓછું હોય તેવા લગભગ ૧૩ હજાર મતદાન મથકોની ઓળખ કરવામાં આવી છે.

## ડૉ.વિરલ કવિ અને અમદાવાદની ડીવાઈન હોસ્પિટલના ડૉ.હાર્દિક પટેલ વિરુદ્ધ તપાસનો ધમધમાટ

મોડાસા..

"દર્દીઓ મોકલો અને કમીશન લો" ના ખેલનો અંત આવે તેવા એંધાણ વર્તાઈ રહ્યાં છે.અમદાવાદના મેમનગર વિસ્તારમાં આવેલી ડીવાઈન હોસ્પિટલના તબીબ ડૉ.હાર્દિક પટેલ અને મોડાસાના બાળરોગ નિષ્ણાત તબીબ ડૉ. વિરલ કવિ વિરૃદ્ધ આરોગ્ય વિભાગે તપાસ શરૂ કરી દીધી છે.મોડાસા તાલુકાના ઉમેદપુર દધાલિયા ગામની ૧૧ વર્ષની દીકરીના મોત બાદ દીકરીના પિતા બિપિન પટેલ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ થી લઈ જિલ્લા કલેકટરને લેખિતમાં રજૂઆત કરી હતી જેને લઈ તપાસ શરૂ થઈ છે.જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા એક ટીમ બનાવી સમગ્ર મામલે તપાસનો ધમધમાટ શરૂ કરતાં લેભાગુ મેડિકલ માફિયાઓમાં ખરભરાટ મચી જવા પામ્યો છે.બિપિન પટેલ દ્વારા કમવામાં આવેલી લેખિત ફરિયાદમાં જણાવવામાં આવ્યું હતું કે મોડાસાના ડૉ.વિરલ કવિ અને અન્ય બાળકોના તબીબો દ્વારા માત્ર અમદાવાદની ડીવાઈન હોસ્પિટલ માંજ દર્દીઓને મોકલવામાં આવે છે અને ડીવાઈન હોસ્પિટલના તબીબ ડૉ.હાર્દિક પટેલ બાળકોના માતા પિતા ને ડરાવી લાખ્ખો રૂપિયા પણ ખંખેરી લેછે જેને લઈ તેની સામે યોગ્ય તપાસ થાય તો સમગ્ર ખેલ સામે આવે તેમ છે.ઉમેદપુર નિ ૧૧ વર્ષની દીકરીનું મોત કુદરતી નહિ પરંતુ મેડિકલ મર્ડર કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

## દેશી-વિદેશી દારૂનો વેપલો:ગાંધીનગરના ફતેપુરામાં ધમધમતી દેશી દારૂની હાટડીઓ વચ્ચે એલસીબીનાં દરોડા

ગાંધીનગરમાં દેશી દારૂની ગેરકાયદેસર પ્રવર્તીઓ માટે પંકાયેલા સેકટર - ૧૫ માં આવેલ ફતેપુરામાં લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે રહેણાંક મકાનમાં પૂર્વ બાતમીના આધારે દરોડો પાડીને ૬૫ હજારની કિંમતની વિદેશી દારૂની ૧૭૭ નંગ બોટલો ઝડપી પાડી વોન્ટેડ બુટલેગર વિરુદ્ધ સેકટર - ૭ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે.ગાંધીનગરના સેકટર - ૭ પોલીસ મથકની હદ વિસ્તારના ફતેપુરા ગામ દેશી વિદેશી દારૂની પ્રવૃતિઓ બેફામ ફૂલીફાલી છે. અહીં પોલીસ છાશવારે રેડ કરીને દેશી દારૂની હાટડીઓ ચલાવતા બુટલેગરો વિરુદ્ધ કાર્યવાહી પણ કરતી રહેતી હોય છે. તેમછતાં કાયદાનો ડર રાખ્યા વિના દેશી દારૂની હાટડીઓ ધમધમતી રહેતી હોવાના કારણે અત્રેના આસપાસના વિસ્તારના રહીશો પણ ત્રાહિમામ પોકારી ઉઠયા છે.ત્યારે ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ ડી બી વાળાની ટીમને બાતમી મળી હતી કે, સેક્ટર - ૧૫ ફતેપુરામાં સાઇ હોસ્ટેલ સામે રહેતો રીઢો બુટલેગર રાકેશ ઉર્ફે મોતી મેલાજી ઠાકોર પોતાના મકાનની સામે આવેલ ઓરડીઓમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો રાખી વેપાર ધંધો કરે છે. જે હકીકતના આધારે એલસીબીની ટીમે બાતમી વાળી જગ્યાએ દરોડો પાડવામાં આવ્યો હતો.જો કે બુટલેગર રાકેશ ઉર્ફે



મોતી સ્થળ ઉપર હાજર મળી આવ્યો ન હતો. બાદમાં પોલીસે ઓરડીઓમાં તપાસ કરતા અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૧૭૭ બોટલો મળી આવી હતી. જેનાં પગલે એલસીબીએ ૬૫ હજારનો દારૂનો જથ્થો જપ્ત કરી વોન્ટેડ બુટલેગર રાજેશ ઉર્ફે મોતી વિરુદ્ધ સેકટર - ૭ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે.

## ગુજરાત સરકારની મોટી જાહેરાત : મતદાનના દિવસે ગુજરાતમાં જાહેર રજા

ગાંધીનગર,તા.૯

ગુજરાતમાં ૭ મેના રોજ લોકસભાની ચૂંટણી માટે મતદાન થશે. ૭ મેના રોજ ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠક પર અને વિધાનસભાની ૫ બેઠક પર પેટાચૂંટણીનું મતદાન થશે. ત્યારે ગુજરાત સરકાર દ્વારા મતદાનના દિવસે રજા જાહેર કરાઈ છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રજાની જાહેરાત કરાઈ છે. જેથી લોકસભા અને પાંચ વિધાનસભા પેટા ચૂંટણીમાં નાગરિકો મતદાન કરવા જઈ શકે.

લોકસભા ચૂંટણીને લઈ ચૂંટણી પંચ તૈયારીઓ કરી રહ્યું છે. લોકસભા ચૂંટણી સંદર્ભે ચૂંટણી પંચદ્વારા વિડીયો કોન્ફરન્સ આયોજિત કરાઈ છે. જેમાં રાજ્યના તમામ જિલ્લા કલેક્ટર તથા જિલ્લા પોલીસ વડા સાથે ચૂંટણી પંચની વીડિયો કોન્ફરન્સ યોજાશે. આ કોન્ફરન્સમાં રાજ્યમાં ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા થશે. પોસ્ટલ બેલેટ, ચૂંટણીમાં રાજકીય પક્ષોની મંજૂરીઓ, કાયદો વ્યવસ્થા તથા ફ્લાઈંગ સ્ક્વોડની કામગીરી પર સમીક્ષા થશે.

રાજ્ય સરકારના સિનિયર ચાર આઈએસ અધિકારીઓ આગામી ૨૬ એપ્રિલ સુધી ટ્રેનિંગમાં જતા હોવાના કારણે અન્ય સિનિયર આઈએએસ અધિકારીઓને ચાર્જ સોંપાયો છે.

## પાન પાર્લરની આડમાં નશાનો કારોબાર:ગાંધીનગરનાં ઈન્ફોસિટીમાં પાન પાર્લરની આડમાં નશાનો કારોબાર ચલાવતો ઈસમ ઝડપાયો



ગાંધીનગરનાં ઈન્ફોસિટી સુપર મોલ - ૧ માં અશોક પાન પાર્લરની આડમાં નશાનો કારોબાર ચલાવતાં ઈસમની સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમે ધરપકડ કરી નશા યુકત ઈસિગારેટની ડિવાઈસો તેમજ સિગારેટનાં જથ્થા સહિત કુલ રૂ. ૧ લાખ ૨૯ હજારનો મુદ્દામાલ જપ્ત કરી પાર્લરના માલિક વિક્કી અશોકભાઈ દુલાણી વિરુદ્ધ પણ ઈન્ફોસિટી પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ગાંધીનગર ઈન્ફોસિટી વિસ્તારમાં સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપનાં પીઆઈ વી ડી વાળાની ટીમ પેટ્રોલીગ કરી રહી હતી. એ દરમ્યાન બાતમી મળી હતી કે, ઈન્ફોસીટી સુપર મોલ- ૧માં આવેલ દુકાન નં. ૩૯ માં અશોક પાન પાર્લરનો માલિક વિક્કી અશોકભાઈ દુલાણી(રહે. ५/૨૦૧, આર એલીગન્સ ફ્લેટ, હાંસોલ, અમદાવાદ) પાન મસાલાની આડમાં અલગ અલગ ફ્લેવર વાળી (કેમીકલ) નિકોટીન યુક્ત ઈ-સીગારેટ તથા પ્રતિબંધીત સીગારેટ, તમાકુ રાખી નશાનો કારોબાર ચલાવે છે.

જેનાં પગલે એસઓજીની ટીમ અશોક પાન પાર્લરમાં ત્રાટકી હતી. જ્યાં વિક્કી દુલાણીનો માણસ સુનીલ સતવીરસિંહ જાદોન ( રહેવાસી એ/૧૦૩, આશીર્વાદ હોમ્સ, હંસપુરા, નરોડા,મૂળ. રાજસ્થાન ) હાજર મળી આવ્યો હતો. બાદમાં પોલીસે પાર્લરની તલાશી લેતાં ગ્રીન એપલ, ક્રીમ ટોબેકો, બ્લૂ રાઝ લેમન, એપલ પીચ, કોફી નામની અલગ અલગ ફ્લેવરની ૩૨ હજાર ૫૦૦ ની કિંમતની ઈ સિગારેટની ડિવાઈસો મળી આવી હતી.આ સિવાય ૯૬ હજાર ૬૫૦ ની કિમંતની પ્રતિબંધિત સીગારેટના બોક્ષ/પેકેટ/સીગાર/તમાકુના પેકેટનો મોટો જથ્થો પણ મળી આવ્યો હતો. જે અંગે પૂછતાંછ કરતાં સુનીલ ઉક્ત નશા યુકત ઈ સિગારેટ ડિવાઈસ, પ્રતિબંધિત વિદેશી સિગારેટ તેમજ સિગારનો જથ્થો અશોક પાન પાર્લરનો માલિક વિક્કી દુલાણી વેચાણ અર્થે લઈ આવ્યો હોવાની કબૂલાત કરી હતી. જેનાં પગલે એસઓજીએ ૧ લાખ ૨૯ હજારનો મુદ્દામાલ જપ્ત કરી ધ પ્રોહીબીશન ઓફ સિગારેટ એક્ટ તેમજ સિગારેટ તમાકુ અધિનિયમ હેઠળ સુનીલની ધરપકડ કરી વિક્કી દુલાણી વિરુદ્ધ પણ ઈન્ફોસિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

## તંત્રી લેખ......

# કામદારો માટે ઘાતક ગરમી ઘાતક બની શકે છે

ભારતીય હવામાન વિભાગે બહાર કામ કરતા કામદારો અંગે ચિંતા વ્યક્ત કરી છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ વખતે ભેજવાળી ગરમી બહારના મજૂરોને સૌથી વધુ અસર કરી શકે છે. તેને જોતા સંશોધકોનું કહેવું છે કે આ વખતે ગરમી ખેતી, બાંધકામ અને અન્ય બહારના કામમાં રોકાયેલા મજૂરો માટે જીવલેણ સાબિત થઈ શકે છે. તેનાથી બચવા માટે તેમણે કામના કલાકો ઘટાડવા અને આરામ કરવા જેવા ઉપાયો સૂચવ્યા છે.

ભારતીય હવામાન વિભાગે એપ્રિલથી જૂન સુધી સામાન્ય તાપમાન કરતાં વધુ રહેવાની આગાહી કરી છે. તેની અસર દેખાવા લાગી છે અને મેદાની વિસ્તારોમાં તાપમાન વધવા લાગ્યું છે.સિવિલ એન્જિનિયરિંગ અને અર્થ સાયન્સના પ્રોફેસરે જણાવ્યું હતું કે સૂકી ગરમી સહન કરવી સરળ છે. આમાં, તમે પાણી પીતા જ શરીર ઠંડુ થઈ જાય છે, પરંતુ જ્યારે ભેજવાળી ગરમી હોય છે, ત્યારે બાષ્પીભવન ઓછું થાય છે અને શરીરને ઠંડુ થવામાં સમય લાગે છે. તેમણે કહ્યું કે આવા હવામાનમાં શારીરિક શ્રમ કરવાથી શરીરનું તાપમાન એવા સ્તરે પહોંચી જાય છે જ્યાં મૃત્યુ પણ થઈ શકે છે. ભારતીય હવામાન વિભાગે ભેજમાં વધારો ટાળવા માટે કામના કલાકો ઘટાડવાની સલાહ આપી છે. આ સિવાય કામદારોને આરામની સારી સુવિધા આપવાનું પણ કહેવામાં આવ્યું છે.

# જજ મનસ્વી રીતે બ્રાઝિલના લોકો અને બંધારણ સાથે દગો કરી રહ્યા છે,મસ્ક

વોશિંગ્ટન,તા.૯

દિગ્ગજ ઉદ્યોગપતિ એલોન મસ્ક બ્રાઝિલની સુપ્રીમ કોર્ટના જજ પર નારાજ છે અને જજના રાજીનામાની માંગ કરી છે. વાસ્તવમાં, બ્રાઝિલની સુપ્રીમ કોર્ટના જજ એલેક્ઝાન્ડ્રે ડી મોરેસે બ્રાઝિલમાં ઘણા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ બ્લોક કરી દીધા છે અને ઘણા વપરાશકર્તાઓને જેલમાં નાખવાનો પણ આરોપ છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે આ સોશિયલ મીડિયા એકાઉન્ટ બ્રાઝિલ સરકાર વિરુદ્ધ ખોટા સમાચાર ફેલાવી રહ્યા હતા. જે એકાઉન્ટ બ્લોક કરવામાં આવ્યા છે તેમાં ઘણા એકાઉન્ટ બ્રાઝિલના સોશિયલ મીડિયા પ્રભાવકોના છે.

એલોન મસ્કે સોશિયલ મીડિયા પર કથિત સેન્સરશિપને લઈને જજ મોરેસ પર આકરા પ્રહારો કર્યા. એક પોસ્ટમાં તેણે લખ્યું કે 'આ જજ મનસ્વી રીતે બ્રાઝિલના લોકો અને બંધારણ સાથે દગો કરી રહ્યા છે. તેમણે રાજીનામું આપવું જોઈએ અથવા તેમના પર મહાભિયોગ ચલાવવો જોઈએ અને તેમને પદ પરથી હટાવવા જોઈએ. મસ્કે અન્ય પોસ્ટમાં લખ્યું છે કે 'આ ન્યાયાધીશે અમારા પર મોટો દંડ લગાવ્યો છે અને અમારા ઘણા કર્મચારીઓની ધરપકડ કરવાની ધમકી આપી છે અને બ્રાઝિલમાં ઠ બંધ કરવાની ધમકી આપી છે.

# લગનની ગન ફૂટે ધનાધન" ( સિનોપ્સિસ) 'વિદેશી વહુ તને શું કહું ' નાટક




ગુજરાતી નાટકોનો એક જમાનો હતો.જ્યાં એ જીવંત કલાકારોને માણવા માનવ મહેરામણ ઉભરાતું હતું. તેમાં આઈ એન ટીના નાટકો મુખ્ય રૂપે વણખાતા. જેણે સંજીવ કુમાર ,તથા ઉપેન્દ્ર ત્રિવેદી જેવા અનેક ધુરંધર કલાકારોને મંચથી ચિત્રપટ પર અભિનય કરતા કરી દીધાં. એક એવો ય સમય આવ્યો જ્યાં આવા ચરિત્ર પ્રેરિત જીવન ઉપયોગી નાટકોની તરફ લોકોનો અભિગમ ઓસરવા માંડ્યો. એથી નાટ્ય એવમ ચલચિત્રના નિર્માતાઓએ હાસ્યપ્રધાન નાટકો તરફ લક્ષ રાખી, એને પ્રાધાન્ય આપવા માંડ્યું. જેના ફળ સ્વરૂપે

એમની લોકપ્રિયતા પણ વધી. અને પ્રેક્ષકો ધ્યાન કેન્દ્રિત થવા માંડ્યા .આ વાત એટલે કરવી છે. કે તાજેતરમાં જ અમદાવાદ ઠાકોર ભાઈ દેસાઈ હોલમાં નિર્માતા વિવેક શાહ રચિત નાટક 'વિદેશી વહુ તને શું કહું '

ના બાવનમા શોમાં, ભરચક સભાખંડમાં નાટ્યકાર સત્યમ જોષીના આમંત્રણને માન આપી જવાનું થયું .વિવેક શાહ કે જેમણે અનેક સફળ નાટકોને રજુ કરી લોકપ્રિયતા હાસલ કરી છે .એમનું આ કોમેડી નાટક લેખક ઋષિકેશ ઠક્કર તથા સંદિપ વ્યાસની સહિયારી કલમે મઢ્યું હતું અને નિશિથ કુમાર બ્રહ્મભટ્ટની દિગ્દર્શનામાં રંગાયું હતું. જેનો મૂળ ઉદ્દેશ વિદેશી અને આપણી દેશી સંસ્કૃતિના વિરોધાભાસી વલણને રજૂ કરી, એના સુખદ પરિણામ કાજે એકબીજાને અપનાવી જીવનને નવા પરિમાણો આપવાનું હતો. આ કથામાં મૂળ તો વિદેશમાં વસતી ભારતીય નારી , વાણી કે જેના માતાપિતાએ છૂટાછેડા લીધા હોઈ, એ એમના પ્રેમથી વંચિત હોઈ, ભારતથી નોકરી અર્થે આવેલ જયેશ નામક યુવક સાથે પ્રેમ લગ્ન કરી પોતાને ત્યાં રાખે છે. એના ઘરમાં ભારતથી ગેરકાનુની રીતે વિદેશમાં વસી ગયેલ (જિગો) નોકરનું પાત્ર ભજવે છે. વાણી પોતાના સાસુ સસરાને પોતાને ત્યાં તેડાવી એમના પ્રેમ ને હૂંફની પ્રાપ્તિ કાજે વ્યાકુળ છે. તો બીજી તરફ પતિ જયેશ અને જિગો એ વાતનો વિરોધ કરે છે.

પરંતુ વીણા એ ઘર્ષણ અવરોધીને બન્નેને વિદેશમાં તેડાવે છે. સસરા સુરેશ ભાઈ મોજીલા સ્વભાવના હોઈ બધું જ સહજ સ્વીકારી બધાયને આનંદ આપનારા એવા

હાસ્ય વર્ધક વ્યક્તિ હતાં જ્યારે સાસુ

વીરબાળા બહેન ટીપકલ ઈંડિયન અડિયલ સાસુ હોવાથી, સતત વાણી અને એમની વચ્ચે ઘર્ષણ થયાં જ કરતું. એ હદે કે પોલિસ ઘરમાં બોલાવી પડતી. જ્યારે આ નાટકમાં એક એવો વળાંક આવે છે જેમાં વાણીની મિત્ર સોનિયાની એન્ટ્રી થાય છે. વાણી એ નવા મોર્ડન મિજાજની હોઈ લીવ ઈન રીલેશનશીપમાં માને છે. સોનિયાના વિચારો મોજીલા સસરા સુરેશ ભાઈને ગમી જતાં બે વચ્ચે લવ ટ્રાયંગલ રચાય છે..એક સમય એવો ય આવે છે કે સાસુ વહુનો ઝઘડો ચરમ સીમાએ પહોંચી જતા , જયેશ અને વીણાના છૂટાછેડાની વાત થાય છે. ત્યારે સુરેશ ભાઈ અને સોનિયા ભેગા મળી કુનેહથી રહસ્યમય સુખદ અંત લાવે છે. તે કેવી રીતે? સોનિયા કોની સાથે જોડાય છે ?કે પછી જોડાતી નથી! એ પરિણામનું રહસ્ય માણવા બેકલાકમાં બસ્સો ચાલીસ વાર હસાવતું આ નાટક પ્રત્યક્ષ જોવું જ રહ્યું. નાટકને પોતાના આગવા અભિનયથી પ્રથા ટુકડીયા, કેતન ચૌદરી, પ્રુથ્વી પાટીલ, સત્યમ જોષી, ચાર્મી કેલૈયા અને કરિશ્મા પાટડિયાએ ભજવી , હાસ્યનો ગોળીબાર કર્યો હતો..સત્યમ જોષીના પિતા તરીકેનો કિરદાર જોઈ હીંદી ફિલ્મના સર્વોચ્ચ કોમેડિયન નજર સમક્ષ તરવરી ઉઠ્યા હતાં. આ નાટક જ્યાં જ્યાં ભજવાય છે હાઉસ ફૂલના પાટિયા લાગી જાય છે.

સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ×ગુરૂ×

# સળગતી ચિંતા કરતાં મનની ચિંતા વધારે બાળે છે.

ગુજરાતી ભાષાના શબ્દોની દ્રિષ્ટએ જોઈએ તો ચિતા અને ચિંતા શબ્દ વચ્ચે ફક્ત એક અનુસ્વારનો જ ફરક છે અને આ અનુસ્વારને કારણે જ બન્ને શબ્દોના અર્થ જુદા જુદા નિકળે છે. ચિતા એટલે સ્મશાનમાં શબને સૂવડાવીને અગ્નિદાહ આપવાની જગા, જ્યારે ચિંતા એટલે માનસિક તનાવ કે સંતાપ. ચિંતા શબ્દ ઘણો નાનો છે, પરંતુ તેમાં રહેલો ભેદ બહુ મોટો છે. આજે દુનિયાના તમામ મનુષ્યોને સતાવતો કોઈ વ્યાધિ હોય તો તે ચિંતા છે. આજના આધુનિક, વિકસીત અને ધમાલિયા યુગમાં , કોઈ પણ માણસ ચિંતાથી પર હશે નહીં. નાના, મોટા, તવંગર કે ગરીબ, માલિક કે મજૂર, શિક્ષિત કે નિરક્ષર, સ્ત્રી હોય કે પુરૂષ દરેકને કોઈ ને કોઈ પ્રકારની ચિંતા જરૂરથી સતાવતી હશે. ચિંતા એ એક એવી ધુમાડા વગરની આગ છે કે, જેમાં માનવીની આખી જિંદગી બળીને ખાક થઈ જાય છે. ચિંતા માત્ર બે જ અક્ષરોથી બનેલો શબ્દ છે, પરંતુ એ માનવીને પૂરેપૂરો કોતરી નાંખે છે.ખરેખર તો ચિંતા એ માનવીના મન સાથે જોડાયેલી વ્યથા છે. દુનિયાના દરેક વ્યક્તિને આજની નહીં પરંતુ આવતીકાલની ચિંતા વધારે સતાવે છે.કોઈપણ વ્યક્તિ એનો ભૂતકાળ પાછો મેળવી શકતો નથી, વર્તમાનમાં સારી રીતે જીવી શકતો નથી અને ભવિષ્ય વિશે જાણતો નથી, છતાંય ભવિષ્યની ચિંતા કરીને નાહકનો દુઃખી થાય છે. જે ઘટના હજુ ઘટી નથી એના વિશે વિચારોનાં ઘોડા દોડાવી ખોટી ચિંતાઓના પોટલાં પોતાના માથા પર બાંધે છે.પશુ પક્ષીઓને કદીપણ આવતીકાલની ચિંતા હોતી જ નથી, તેથી તેઓ શાંતિથી જીવન ગુજારે છે, જ્યારે મનુષ્યોમાં ઈશ્વરે વિચારશક્તિ, બુદ્ધિ, મોહ, માયા, મમતા, લોભ, લાલચ વિગેરે ગુણો મૂક્યાં છે તેથી માનવી હંમેશા પોતાનો વર્તમાન બગાડી અત્યંત દુઃખી થવા લાગ્યો છે.

સળગતી ચિતા કરતાં મનની ચિંતા વધારે ખતરનાક છે, કારણકે ચિતા તો મૃત વ્યક્તિના શરીરને બાળી નાંખે છે, જ્યારે ચિંતા તો જીવતાં મનુષ્યોને પણ બાળી નાંખે છે.

હકીકતમાં ચિંતા માનવીના મનમાં ખોટા ડર, ભય કે વ્હેમથી જ પેદા થતી હોય છે. ભય હંમેશા માત્ર ને માત્ર ભ્રામક ધારણાઓ કે બીનજરૂરી તર્કમાંથી જ ઉત્પન્ન થાય છે.ચિંતા કરવાથી માનવીની બુદ્ધિ બહેર મારી જાય છે અને તેની નિર્ણયશક્તિ ખલાસ થઈ જાય છે. ચિંતાઓ કરવાથી માણસ અંદરથી પડી ભાંગે છે, એનું માનસિક સંતુલન ગુમાવી બેસે છે અને મનોવિકારનો શિકાર બની જાય છે.આજના માનવીને જાતજાતની ચિંતાઓ સતાવતી હોય છે, જેવી કે કોઈને નોકરીની ચિંતા, કોઈને છોકરાં ભણાવવાની ચિંતા, કોઈને નાણાંની ચિંતા, કોઈને ઘરડાં મા-બાપની ચિંતા, કોઈને સંતાનોનાં લગ્ન કરાવવાની ચિંતા, કોઈને લૂંટાઈ જવાની ચિંતા વિગેરે વિગેરે. વધારે પડતી ચિંતા કરવાથી માનવી તનાવગ્રસ્ત બની જાય છે અને એની સીધી અસર એના સ્વાસ્થ્ય ઉપર પડે છે. માનવી જ્યારે ચિંતાગ્રસ્ત હોય ત્યારે એનું મન વ્યગ્ર અને બહાવરૂ બની જાય છે અને તે કોઈ યોગ્ય કે અટલ નિર્ણય લઈ શકતો નથી. તનાવને કારણે ક્યારેક માનવી અવળા માર્ગે ચડી જાય છે કે આત્મહત્યા જેવાં પગલાં પણ ભરી નાંખે છે.

દરેક માણસ પછી તે નાનો હોય કે મોટો એ કોઈને કોઈ ચિંતાથી ચોક્કસ ઘેરાયલો હશે.ચિંતા કરવાથી માણસની રાતોની નિંદર પણ હરામ થઈ જાય છે. ચિંતાઓથી માનવીએ દૂર રહેવું હોય તો ખોટાં, ભ્રામક, બીનજરૂરી, અતાર્કિક વિચારોનો ત્યાગ કરવો પડશે.ચિંતન,મનને, યોગ, પ્રાણાયામ, ભજન, કીર્તન વિગેરે કરવાં જોઈએ, જેથી મન શાંત અને પ્રફુલ્લિત રહેશે.માનવી જ્યારે મૃત્યુ પામે છે ત્યારે પણ ચિંતાઓનું પોટલું પોતાની સાથે લઈને જ જાય છે.માનવીના શબને તો સળગતી ચિતા એકવાર બાળીને ભસ્મ કરી નાંખે છે, જ્યારે ચિંતાની આગ માનવીને જીવનપર્યંત બાળતી રહે છે.

યોગેશભાઈ આર જોશી
હાલોલ:૩૮૯૩૫૦,
જી.પંચમહાલ.

# અગાસીમાં જઈ ખાટલો ધોઈ નાંખો-' રાધારાણીનો વટહુકમ !

' ગિરધરલાલ ચા સાથે બ્રેકફાસ્ટમાં શું લેશો!' રૂપાની ઘંટડી જેવા ટ્રિન ટ્રિન ટ્રિન અવાજે રાધારાણીએ પૂછયું. અમે તાજ્જુબ થઇ ગયા. કત્લના દિવસ આઇ મીન લગ્ન દિવસથી આજદિન સુધી રાધારાણીએ મધ જેવા મીઠા અવાજે વાત કરી હોય તો રાધારાણીના પીપળાના થડ જેવા ગળાના સમ!

' વણેલા ગાંઠિયા સાથે જલેબી. પછી કડક મીઠી ચા!' અમે લગ્નજીવનમાં પ્રથમ વાર ફરમાઇશ કરી શકયા, એ ઈસરોએ સફળતાપૂર્વક છોડેલ મંગળયાન કરતા પણ ઊંચી સિધ્ધિ હતી!

' ગિધુ, ચા નાસ્તો કર્યા પછી મારું એક નાનું કામ કરવાનું છે.' રાધારાણીએ બંધ પાના ખોલ્યા. અમારી આવભગત એક સ્કેન્ડલ હતું કે શું?' અમારા મનમાં ક્રાઇમ પેટ્રોલ સિરિયલની જેમ સવાલ સળવળ્યો.

' તારા બ્લાઉઝના હૂક કે આઇ હું ટાંકી દેવાનો નથી. કાપડના તાકા જેવા અંબ્રેલા ગાઉનને હું આયર્ન એટલે ઈસ્ત્રી કરી આપવાનો નથી. હું એ તંબુમાં અટવાઈ જઉં છું' મેં ના પહેલી વાર પાડવાની હિંમત કરી.પહેલા ઘા રાણાનો અમથું થોડું કહ્યું હશે?

' અરે, મારા ગીધુ, હું તમારી પાસે આવા કામ થોડી કરાવું? થોડો તો રાધારાણી પર તને ભરોસો નહીં કે?' રાધારાણીએ ભરોસાનો દંડો પછાડ્યો.

' ગિરધરલાલ, આમ તો હું તમારી પાંચિયા જેટલી ગરજ ન કરૂં એની તમને ખબર છે ને!આ તો, ધૂળજી ધૂળેટી કરવા ડુંગરપુર ગયો છે. એ હાજર હોય તો બળ્યા પાંચસો છસો રૂપિયા . તમારું ડાચું તો વતાવવું નહીં!' રાધારાણીએ પાણી પહેલા પાળ બાંધી!

' રાધુ, મને તારો ભરોસો નથી. તું દર વખતે કૂવામાં ઉતારી વરત એટલે દોરડું કાપી નાંખે છે!' મેં મારી ફરિયાદને વાચા આપી .

' ગિરધરલાલ, ખુરશીમાંથી ઉભા થાવ. ભૈસાબ તમારાથી તોબા તોબા. એટલા લપિયા છો કે વાત ન પૂછો. કોઈ વાતની છાલ છોડતા નથી!' રાધારાણીએ મને ખખડાવીને પાણીથી પાતળો કરી નાંખ્યો.

' એની વે, મારે કંઇ ધૂંસરીએ જોતરાવાનું છે?' અમે હથિયાર હેઠા મુકી શરણાગતિ સ્વીકારી.

' તમારે ધોવાનું છે.' રાધારાણીએ હિન્ટ આપી.

' મારે મારું ડાચું વીંછળવાનું છે? ફળિયું ધોવાનું છે, ટાંકી ધોવાની છે? કપડાં ધોવાના છે? વાસણો ધોવાના છે?મીઠું ધોવાનું છે? લોટ ધોવાનો છે? શ્વાસ ધોવાના છે?' એક સામટા સવાલોની ઝડી વરસાવી.

' ગીધુ,તમારી સર્કિટ ઉડી ગઇ છે? મગજનો ફયુઝ ઉડી ગયો છે? ' રાધારાણીએ ડોળા કાઢીને અમને એઝ યુઝવલ તતડાવ્યા.

' આ ટમલર લો. આ ડોલ લો. ડિટરજન્ટ સાબુ લો. પાવડરનું પાણી આપ્યું છે. કપડા ઘસવાનો કૂચો લો. અગાસી ઉપર જાઓ.' રાધારાણીએ આદેશ કર્યો.

' હમ્, શું મારે અગાસી ધોવાની છે? ઉત્તરાયણ તો હમણા ગઇ. હવે, અગાસી ધોવાનું ઔચિત્ય ખરૂં?'અમે શંકા કુશંકા રજૂ કરી.

' ગીધુ, ચોખાના સારેવડા કરવાના છે. એટલે મે ગઇ કાલે જ અગાસી ધોઇ છે.' કાઝારાણીએ શ્વેતપત્ર જારી કર્યુ.

' રાધુ, મારે શું ધોવાનું છે?' મેં અકળાઈને પૂછયું.

' હની, તમારે અગાસીમાં પડેલ ખાટલો ધોવાનો છે!' રાધારાણીએ પતા ખોલ્યા.

' વોટ? વોટ? બટ વ્હાય? ' અમે અમારી મૂંઝવણ વ્યકત કરી.

' આપણે બે હજાર દસની સાલમા ખાટલો ખરીદ્યો છે. ત્યારથી આજ દિવસ ખાટલો ધોયો નથી. ચૌદપંદર વરસે ખાટલો ધોવો પડે કે નહીં?' ટૂંકમાં અમારી ખટિયા ખડી કરવાનું રાધારાણીનું ષડયંત્ર હતું.

' રાધુ, તું હંમેશા મને ભેખડે ભરાવે છે. દર વરસે
તપેલામાં કોસ્ટિક સોડાવાળુ ગરમ ગરમ પાણી આપી અનાજ ભરવાની કોઠી ધોવડાવે છે.મારા હાથની ચામડી બળી જાય છે. કોઠી ધોયા પછી દિવેલ દીધેલ ઘઉં કોઠીમાં ભરે છે. જો કોઠીને ધોયા પછી દિવેલ મોયેલા ઘઉં કોઠીમાં ધાબેડવાના હોય તો શા માટે દર વરસે કોઠી ધોવડાવે છે?' મે ધોખો કર્યો

' આખા વરસના ઘઉં ભરવાના હોય એટલે કોઠી ધોવી જ પડે. એમાં તમારો કોઇ ચંચુપાત ચાલે જ નહીં!' રાધારાણીએ મારો પોઈન્ટ ઓફ ઓર્ડર ખારિયા કરી ફેંસલો સુણાવ્યો!

' રાધુ, બે હજાર દસમા ખાટલો લીધા પછી છેક આજે ખાટલો ધોવાનું સફાઈજ્ઞાન આજે કેમ લાધ્યું? આજે તું આંકડાના ઝાડ નીચે બેઠેલી કે તને મંદાર એટલે આંકડા જ્ઞાન લાધ્યુ? અમે વિપક્ષની જેમ ઉંબાડિયું ચાંપ્યું !

' જાગ્યા ત્યારથી સવાર.' રાધારાણીએ આટલું કહી ઈશારો કરી ખાટલો ધોવાનો આદેશ પારિત કર્યો.સકકરમીની જીભ અને અકરમીના ટાંટિયા કહેવત અમારી લાચાર સ્થિતિના સંદર્ભમાં જ કહેવાય હશે!અમે બેઝકલી ખાવિંદ તરીકે ગાયના પોદળા જેવા ઢીલા . રાધારાણી હાંકોટો કરે એટલે વિપક્ષમાંથી રાજીનામું આપી દઈએ. ધાર્યું ધણીયાણીનું થાય એ રૂઢિપ્રયોગના કેન્દ્રસ્થાને છીએ!
આજની યંગ જનરેશને ખાટલો ફિલ્મોમાં જોયો હશે. પલંગ, પેટી પલંગ, શેટી, દિવાન, કાઇચ, સોફા કમ બેડથી પરિચિત હોય. ખાટલો, આટલાની ઈશ-ઉપરણું, પાંગત શબ્દ એમના માટે એલિયન જેવા પરગ્રહવાસી લાગે!લોખંડ કે લાકડાનો ખાટલો આવે. તેમાં પ્લાસ્ટિકની પાટી કે કાથી એટલે કે વાણ ભરવામા આવે. ખાટલો ભરવો એ રોકેટ સાયન્સથી કમ નથી. જેમ નનામી બાંધવી એ કલા કમ વિજ્ઞાન છે તેમ ખાટલો ભરવો એ પણ રાજકારણની આંટીઘૂંટીથી કમ નથી. ખાટલાની પાંગત ઢીલી થાય એટલે પાંગત ખેંચવી પડે!એમ તો જમતી વખતે ગોઠણ નીચે મૂકવાનું ઢીંચણિયું પણ આઉટ એફ ડિકસનરી લાગે છે!
અમે અગાસી પર જઈને ખાટલા પર પાવડરવાળું પાણી નાંખ્યું. આ શું પાણી બધું નહીં ગયું . તમે ચાળણીને છલોછલ ભરી ન શકો! અમને રહી રહીને ડહાપણની દાઢ ઉગી ખરી! અમે ટમલરમા પાવડરવાળું પાણી બનાવ્યું, પ્લાસ્ટિકના કૂચાને ટમલરમા બોળ્યું. પછી ટમલરમાથી કૂચો કાઢી ખાટલાના વાણને ઘસવા લાગ્યા? દરિયાનું મોજું રેતીને પૂછે કે તને ભીંજાવું ગમે કે કેમ? સ્ટાઈલથી ખાટલાના વાણને પૂછીને કૂચો ઘસતો હતો! રાધારાણીએ આમ પપલાવીને ખાટલો ન ધોવાણ એવું ગાઇ વગાડીને કહ્યું ! કૂચાને વાણ પર જોરથી ઘસવા કહ્યું . વરસોનો મેલ, ધૂળ સાબુના એક પોતારાથી દૂર થાય ખરો? જાહેરાતમાં સાબુ લગાડે કે શર્ટનો કોલર નવા જેવો જ દેખાય. જે નવો જ હોય છે! મેલા કપડાંમાં પાવડરની મિસાઈલ દાગ, ધબ્બા પર મેજીકલ સ્ટ્રાઇક કરે અને મેલના વાટ લાગી જાય તેવું તો જાહેરાતમાં બને! બાકી, એસઆરકે એટલે શાગરૂખખાન નહીં પણ સ્ટેન રિમુવર કિંગને ગમે તેવા ગાભા આપીએ અને એને ચોખા કરી શકે એ મુશ્કિલ નહી પર નામુમકીન હે!
અમે ખાટલો ધોવા, પાવડર, સાબુ, લિકવિડ વગેરે વાપર્યું. લીંબુ અને ઈંટના ઢેખાળાનો ભૂકકો, પિતામ્બરી. આમલી , દહીં,છાશ પણ અજમાવી . આ પ્રક્રિયાના અંતે શું થયું? તમને થશે કે ખાધું , પીધું ને રાજ કર્યું જેવો હેપી એન્ડિંગ આવ્યો હશે, ખરું કે નહીં? અરે, રામ રામ ભજો. ખાટલો કાળો હતો એના કરતા વધુ કાળો થયો! ખાટલો ચડસથી ગાતો રહ્યો ,'હમ કાલે હૈ તો કયા હુઆ દિલવાલે હૈં!'
ભરત વૈષ્ણવ

# ભાજપે ચૂંટણીમાં પ્રચાર માટે ચાર ચાર્ટર્ડ, એક હેલિકોપ્ટર ભાડે લીધાં

લોકસભાની ચૂંટણી માટે કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. ૧૯ એપ્રિલના લોકસભાની ચૂંટણીનો સાત પૈકી પ્રથમ તબક્કો યોજાશે. ગુજરાતમાં ૭ મેના રોજ ચૂંટણી છે. ભાજપે પ્રચાર માટે ચાર ચાર્ટર્ડ પ્લેન અને એક હેલિકોપ્ટર બુક કરી લીધા છે. સરકારે ચૂંટણીમાં લીધેલા મ્૨૦૦, મ્૨૬૦,ઝ્રત્ન૧, ઝ્ર૯૦ સિરિઝના ૫ થી ૮ સીટરના નાના વિમાનો એટલા માટે ભાડે કર્યા છે કે ગુજરાતમાં આવેલી નાની એર સ્ટ્રીપ પર સરળતાથી લેન્ડ કરી શકે. બીજી તરફ કોંગ્રેસ અને આપ પાર્ટીએ કોઈ પ્લેન ભાડે લીધા નથી.



આચારસંહિતાને ધ્યાનમાં રાખી સીએમ કે મંત્રીઓ રાજ્ય સરકારના વિમાન કે હેલિકોપ્ટરનો ઉપયોગ કરી શકે નહીં, જેના કારણે સરકારનું મ્૨૦૦ અને ચેલેન્જર ૬૫૦ જેટ ઉપરાંત હેલિકોપ્ટર હાલમાં ગુજસેલ ખાતે ગ્રાઉન્ડ કરવામાં આવ્યા છે.

# ૫૦૦ વર્ષ બાદ રામ જન્મોત્સવ ઉજવાશે, આઠ હજાર મંદિરોમાં અભિનંદન ગુંજશે

અયોધ્યા,તા.૯

રામ લલ્લાના પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણીમાં ડૂબી ગયેલી અયોધ્યા હવે રામ જન્મોત્સવના રંગે રંગાઈ ગઈ છે. રામલલાની જન્મજયંતિ ૫૦૦ વર્ષ બાદ ભવ્ય મહેલમાં ઉજવવામાં આવી રહી છે. તેથી આ વખતે ઉજવણી અલૌકિક અને ભવ્ય હશે. મંગળવારથી અયોધ્યા રામ નવમીના આનંદમાં ડૂબી જશે. રામનગરીના આઠ હજાર મઠો અને મંદિરોમાં અભિનંદન ગીતો અને વિવિધ અનુષ્ઠાનનો પ્રારંભ થશે.

રામલલાના કપડા બનાવનાર ફેમસ ડિઝાઈનર મનીષ ત્રિપાઠીએ જણાવ્યું કે રામલલાના કપડા ખાસ ખાદી કોટનમાંથી બનાવવામાં આવ્યા છે. આના પર સોના અને ચાંદીની હેન્ડ પ્રિન્ટ કરવામાં આવી છે. પ્રિન્ટીંગમાં વપરાતા તમામ ચિહ્નો વૈષ્ણવ પ્રણાલીના છે. રામલલા દિવસ પ્રમાણે કપડાં પહેરે છે. તેથી, તેમના માટે વિવિધ રંગોના કપડાં તૈયાર કરવામાં આવી રહ્યા છે.આ સાથે જ રામ નવમીના મેળા માટે ભક્તોનું આગમન પણ શરૂ થઈ ગયું છે. સોમવારે ચૈત્ર અમાવસ્યાના દિવસે એક લાખ ભક્તોએ સરયુમાં સ્નાન કરી નાગેશ્વરનાથ મહાદેવની પૂજા કરી હતી. આ પ્રસંગે મહિલાઓએ પીપળના વૃક્ષની પૂજા કરી પતિના લાંબા આયુષ્ય માટે પરિક્રમા કર્યા હતા. આ પછી ભક્તોએ રામલલા અને હનુમાનગઢીમાં હાજરી આપી હતી. હોટલ ધર્મશાળામાં રહેવાની સુવિધા ન મળતા ભક્તો તેમના ગુરુ સ્થાનોમાં આશરો લઈ રહ્યા છે.

રામનગરીના હજારો મંદિરોમાં મંગળવારથી કથા, પ્રવચન, નવહપારાયણ, અનુષ્ઠાન વગેરેનો પ્રારંભ થશે. પૂર્વ સાંસદ ડો.રામવિલાસ દાસ હિન્દુ ધામમાં વેદાંતી રામકથાનો પ્રચાર કરશે. છેલ્લા ૧૮ વર્ષથી તેઓ રામ નવમી પર રામકથાનો ઉપદેશ આપી રહ્યા છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No.167*
★વિષય:-×મનની મોકળાશ×★
★શિર્ષક;.★મેં મારામાં ગામડું જીવાડ્યું છે.★
★પ્રકાર:- પદ્ય - શબ્દ:-૧૩૫★
★નામ:- નરેન્દ્ર ત્રિવેદી★

★મેં, મારામાં ગામડું જીવાડ્યું છે.★

મેં મારામાં ગામડું જીવાડ્યું છે
શેરી નથી, મોટા રસ્તા પર વસાવ્યું છે
ચૂલો, ધુમાડિયું, પાણીયારું ગુમાવ્યું છે
ઓટલો હતો, ત્યાં ફ્લેટમાં ઘરને બનાવ્યું છે
બારસાખની છે ત્રણ બાજુ, ઉંબરો નહી મળે
લક્ષ્મીજીના નિવાસ માટે સ્ટીકર લગાવ્યું છે
ઓસરી, ફળિયું, સાંકડી, મોટી, પૂરી થતી ગલી
આ બધુંજ ચાર દિવાલના ફ્લેટમાં સમાવ્યું છે
ઝાડવે હતા ઝૂલા, ઝુલ્યા વડવાઈના વેલા પર
શરૂ થઈ પૂરી થતી બાલ્કનીમાં હિંચકો લગાવ્યો છે
વાડી હતી, કોહનો કિંચુડ, કિંચુડ મોઠો હતો અવાજ
આવે, ન આવે, નળના ખળખળમાં મનને પરોવ્યું છે
એક હતું ગામડું એ મનમાં ઘર કરી સજાવ્યું છે.
ગામડું છે, ગામડે શહેરને ક્યાં કદી ભુલાવ્યું છે.
મેં મારામાં ગામડું જીવાડ્યું છે.
મનની મોકળાશથી મનમાં ગામડું વસાવ્યું છે
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO 166
વિષય:- ×મનની મોકળાશ×
શિર્ષક :- ×વિચારોની વણઝાર×
પ્રકાર:- પદ્ય. શબ્દો :-૧૧૬
નામ:- ધનજીભાઈ ગઢીયા ×મુરલી× (જુનાગઢ)

વિચારી વિચારીને થાકી ગયો છું,
વિચારવાનું બંધ કરી શકતો નથી,
વિચાર અમલમાં મુકવા વિચારૂં છુ,
પણ અમલમાં હું મુકી શકતો નથી.

વિચારોની વણઝાર ચાલી રહી છે,
તેને હું કદી અટકાવી શકતો નથી,
મનમાં વિચારોનો સંગ્રહ થયો છે,
તેને હું કોઈને કહી શકતો જ નથી.

વિચારોથી ફાયદો થશે કે નુકશાન,
તે હું મનથી નક્કી કરી શકતો નથી,
વિચાર કરીને મન વ્યગ્ર બન્યુ છે,
મનથી શાંત હું થઈ શકતો નથી.

ઈચ્છુ છું હું વિચારોને ભૂલવા માટે,
તેને ભૂલવાની ભૂલ કરી શકતો નથી,
કેટલા ભૂલવા અને કેટલા સંગ્રહવા,
તેનો હું વિચાર કરી શકતો જ નથી.

અજબ ગજબનું છે આ મનડું મારૂં,
વિચારવાનું બંધ કરી શકતું જ નથી,
વિચારોનું તોફાન ચાલું છે ×મુરલી×,
ક્યારે તે શમી જશે તેની ખબર નથી.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO : 161
વિષય : મનની મોકળાશ
શિર્ષક : વિચારમાળા
પ્રકાર : પદ્ય શબ્દો : ૧૨૪
લેખન : ગ્રીષ્મા પંડ્યા

કરું જો મન મોકળું, તો
વિચારોની હારમાળા સર્જાય છે.
ને પછી નાનકડી કવિતા રચાય છે!

મારામાં ઊગતી પાનખર હવે વર્તાય છે,
પણ અંદરખાને રહી ગયેલી વસંતનું શું??

કિનારાને ક્યાં જાણ છે સાગરની ગહેરાઈની?
કંઈ કેટલાય રાઝ છુપાવ્યા એણે સહેલાઈથી!!

કંઈ કેટલાય મીઠ્ઠા જળને સમાવીને ઘૂઘવે,
પછી છો ને બધા ખારા જળની ટીકા કરે!!!

હા હું એક ખર્યું પાન છું!!
શેષ રહેલી જગાએ કૂંપળ ફુટવાની રાહમાં છું!!

જીવન તો છે એક ઉપવન સમું,
પરોઢના કોઈ મોતી સમાન,
ઝાકળબિંદુના જળ જેવું!!

હૈયું એવું ભરાયું, એવું ભરાયું!!!
કે આખ્ખેઆખ્ખુ મારામાં ખાલી થઈ જવાયું!!!!!

જે આંખોમાં મેં વૈશાખી વાયરા જોયાતા,
એ જ આંખોમાં આજે મેં આષાઢી બીજનાં અમીછાંટણા જોયા!!
એવું પણ? ક્યારેક થાય કે આંખોમાં બારે મેઘ ખાંગા થાય, ને
મન મોકળું થાય પછી થઈ જાય જળબંબાકાર!!!
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG. SS NO:158
વિષય હ:મનની મોકડાશ
શિર્ષકઃ નથી થાવું
પ્રકારઃ પદ્ય
શબ્દ સંખ્યાઃ૮૪
નામઃ પાલજીભાઈ વી રાઠોડ 'પ્રેમ' સુરેન્દ્રનગર

નથી થાવું મોટા બાગ બગીચા કે ઉપવન નથી થાવું,
ફોરમ મહેંકાવતું નાનું ફૂલડું થાવું !

નથી થાવું ચાંદો સૂરજ કે સિતારા નથી થાવું,
અજવાળું રેલાવતો નાનો દીવડો થાવું !

નથી થાવું મોટા સાગર કે તળાવ નથી થાવું,
વન વગડામાં ભમતું નાનું ઝરણું થાવું !

નથી થાવું રાજમાર્ગે કે રેલમાર્ગ નથી થાવું,
પથિકની પગદંડી નાની કેડી થાવું !

નથી થાવું હવેલી કે મોટા મહેલો નથી થવું,
ગરીબ કેરી નાની ઝૂંપડી થાવું.!

નથી થાવું રામ કૃષ્ણ કે મહાવીર નથી થાવું,
જગતના કલ્યાણ અર્થે નાનો સેવક થાવું.!

નથી થાવું સગાળશા શેઠ કે દાનવીર કર્ણ નથી થાવું,
'પ્રેમ?' આવકારો આપી શકું તેવો માણસ થાવું.!
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO.-162
વિષય - મનની મોકળાશ
શીષક- મોજીલુ મન
પ્રકાર - પધ, શબ્દ -૬૦
નામ - ??..રેખા નાકરાણી
નવી મુંબઈ ..??
-==================

રચનાપપ. "મોજીલા મનને મેલો મોકળું
લાવ્યા હતા શુ ,અને સાથે શું લઈ જશું બે કિલોનુ શરીર હતુ રાખ પણ બે જ કિલોનીપ..

"મોજીલા મનને મેલો મોકળું
સુખના દહાડા ચાર દીવસના હોય અને દુઃ ખના દા'ડા દસ દિવસના સમજવાપપ

" મોજીલા મનને મેલો મોકળું
રહ્યા એટલુ નથી રેવાના કરીલો સારા કામ જીવનમાં અનંત અવતાર પછી મનુષ્ય અવતારપ

" મોજીલા મનને મેલો મોકળું
ધર્મના કામમા ન કરવી કદી ઢીલ હોય જો પાસે સવલત રાખવા ખુલા હાથ કાયમ દેશે સાથપ.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO: 126
વિષય : મનની મોકળાશ
શિર્ષક : મોકળું મન
શબ્દો: ૩૫૦
નામ : મોહનભાઈ આનંદ

મન જ મુક્તિ અને બંધનનું કારણ છે.મન એ તો જીવાત્માને સૃષ્ટિ મંડાણમાં જોડતી શક્તિ છે. મનની શક્તિઓ ખીલવીએ તો
શું ના પ્રાપ્ત થાય? મતલબ કે મન જ એક એવું.આધન છે જેના દ્વારા પ્રાકૃતિક ગુણોથી સમૃદ્ધ જગતની ઉપલબ્ધિઓ તથા તેની
ઉપર અતિન્દ્રિય અનુભવની પ્રાપ્તિ પણ મન જ કરાવી શકે.ફક્ત
તમે મનને જાણો. અનુભૂતિ કરો મનની,તો બધું સ્પષ્ટ સમજાઈ જશે.

આપણું શરીર એ પંચભૌતિક તત્વો, પાંચ ઈન્દ્રિયો અને તેના વિષયો તથા તન્માત્રા, શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધથી દુનિયાની
અનુભૂતિ ( સુખદુઃખ) કરે છે, ઉપરાંત સૂક્ષ્મ મન બુદ્ધિ દ્વારા એ
અંતઃ કરણમાં રહેલી ભાવ લાગણીઓ સમજી શકે છે.અંતર્મન દ્વારા અતિ સૂક્ષ્મતમ કારણ શરીરમાં રહેલા સંસ્કારનાકારણે નિયતિ એટલે પ્રારબ્ધ સ્વરૂપમાં જન્મ જન્માંતરની યાત્રા કરાવે છે.એવી મનની અગાધ શક્તિઓ છે.

આત્મા તો એક ચૈતન્યમય પ્રવાહ છે, એ ચેતનાનો પ્રવાહ ઉપરથી નીચે તરફ વહે છે એટલે કે સહસ્ત્રાર થી મૂલાધાર સુધી વહે છે.

એ શક્તિ પ્રકાશ પૂંજ છે, જે આજ્ઞા ચક્રમાં શુદ્ધ અદ્વૈતની પરાકાષ્ઠા સ્વરૂપ એક પુરુષ અને પ્રકૃતિ સ્વરૂપમાં ચેતનાને નવો
ઓપ આપી, ત્યાંથી શબ્દ સૃષ્ટિની રચના કરવા નીચે પ્રસ્થાન કરે છે, ગળામાં વિશુદ્ધ ચક્રમાં સ્વર તથા હૃદયમાં વ્યંજન સ્વરૂપ થઈ હૃદયમાં ૐ કાર સ્વરૂપ બની વિશ્રાંતિ પામે છે.

મનની અવસ્થા સુષુપ્તિ હૃદયમાં, સ્વપ્ન અવસ્થા ગળામાં અને જાગૃત અ?વસ્થા ભ્રૂમધ્યમા છે. આ ગહન છે સમજવું. એ જ મન સંસારિક વાસનામાં બંધન પ્રાપ્ત કરીને ક્ષિપ્ત, વિક્ષિપ્ત,મૂઢ , એકાગ્ર, તનુમાનસા ,અસંસ્કતિ તથાતુરીયા અવસ્થા પણ રહે છે, એટલું વિશાળ મન છે. યોગમાર્ગ ના સાધકો આ બંધુ જાણે છે, એટલે મનને સમજવા હઠયોગ નો સહારો લઈને બળજબરીથી મન પકડવા પ્રયાસ કરે છે.

પરંતુપ્રત્યાહાર એટલે કે રાજયોગના ક્ષેત્રે પ્રવેશવાની લાયકાત મળેત્યારે જ એ ધારણા ધ્યાન અને સમાધિ પામી શકે છે.

આ વિષય ગહનતમ છે, મનની શક્તિઓ ખીલવીને માનવ બધું જ પ્રાપ્ત કરી શકે છે. ભક્તિ યોગ જ્ઞાન કે કોઈ પણ સાધન માર્ગ માં મનને જ જોડવામાં આવે છે.એટલે જ ગીતાજી ના ઉપદેશમાં
મનને મિત્ર સમજી મિત્રતા દ્વારા સમ્યક દર્શન દ્વારા મનની અનુભૂતિ કે મોકળાશ પામી આનંદ પૂર્ણ જીવન પામવું જોઈએ.
ૐ આનંદ ૐ.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO. 215
વિષય : × મનની મોકળાશ ×
શીર્ષક : × મોકળાશ રાખું છું ×
પ્રકાર : પદ્ય, શબ્દો : ૬૨.
નામ : શ્યામ ગોયાણી ( શિવેન્દ્રનગર )

× મોકળાશ
આભાર - નિહારીકા રવિયા રાખું છું ×

લાગણીઓમાં મારી,ભીનાશ રાખું છું,
મનની અંદર, ખૂબ મોકળાશ રાખું છું.

વિચારોને વહેવા દઉં છું, હું વાણીમાં,
સાચું કહેવામાં, ના હું કચાશ રાખું છું.

દર્પણ જેવો છું, જેવો છું તેવો દેખાઉં,
રોજ હું એવો જ રહું, પ્રયાસ રાખું છું.

મનને મોકળાશે વિહરવા દેવા માટે હું,
દિલની ભીતર ખુલ્લું આકાશ રાખું છું.

શહેરની હવામાં ગુંગળામણ થાય તો,
હૃદયે મહેંકતી 'શ્યામ' સુવાસ રાખું છું.

× શ્યામ ગોયાણી ×
( શિવેન્દ્રનગર )

## ઈડર તાલુકાનુ ગૌરવ શ્રી કે. એમ. પટેલ વિદ્યામંદિરને શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ સાથે એક લાખ રૂપિયાનો પુરસ્કાર

ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ અને જે તે જીલ્લાના



શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે શૈક્ષણિક અને સહ અભ્યાસિક મૂલ્યાંકનના આધારે જીલ્લાની શહેરી અને ગ્રામ્ય વિસ્તારની એક એક શાળાની પસંદગી કરી શ્રેષ્ઠ શાળા એવોર્ડથી સમ્માનિત કરવામાં આવતા હોય છે જે શાળાને આ એવોર્ડ મળે તે શાળા ત્રણ વર્ષ સુધી આ પ્રતિયોગિતામા ભાગ નથી લઈ શકતી ઈડેરના હૃદયસમા વિસ્તારમા આવેલી ઈડર તાલુકાના ગૌરવ સમાન શાળા શ્રી કે. એમ. પટેલ વિદ્યામંદિર ઈડરની વર્ષ : ૨૦૮-૧૯ મા સાબરકાંઠા જિલ્લાની શહેરી કક્ષાની શ્રેષ્ઠ શાળાના એવોર્ડથી સન્માનિત થઈ હતી અને સરકારના ધારાધોરણ મુજબ ત્રણ વર્ષ સુધી સ્પર્ધામાથી બહાર હતી મુદત પૂરી થતા ફરી એકવાર આ શાળાને વર્ષ ૨૦૨૩-૨૪ મા સાબરકાંઠા જિલ્લાની શહેરી કક્ષાની શ્રેષ્ઠ શાળાના એવોર્ડથી નવાજવામા આવી છે અને ગુજરાત સરકાર તરફથી ૧૦૦૦૦૦ (એક લાખ રૂપિયા) નો પ્રોત્સાહક પુરસ્કાર એનાયત કરવામા આવેલ છે જે શાળા અને ઈડર તાલુકા માટે ગૌરવની બાબત છેઆ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ શ્રી કડવા પાટીદાર કેળવણી હિતવર્ધક મંડળ ઈડરએ સ્કૂલના આચાર્ય કિરણકુમાર કે. પટેલ અને સમગ્ર શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા

## શામળાજી કૉલેજમાં ગૂજરાત કોમન એડમિશન અંગેનો ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો



ગુજરાત સરકારશ્રીએ વર્ષ ૨૦૨૪-૨૫ થી ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ લાગૂ કરેલ છે તેને ધ્યાને લઈ શામળાજી પંથકના હાયર સેકન્ડરી શાળાના આચાર્યોની એક બેઠક કોલેજના પ્રિન્સીપાલ ડો અજય કે પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં ડો અજય કે પટેલે તમામનું હાર્દિક સ્વાગત કરી વિદ્યાર્થી વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, એજ્યુકેશન, કાયદા અને અન્ય વિદ્યાશાખામાં સ્નાતક, અનુસ્નાતક અને પી.એચ.ડી. કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક હોય તેણે પ્રથમ તબક્કામાં તેનું ઞ્ઇછજી પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત છે ઉપરાંત સ્કૂલ કક્ષાએથી વિદ્યાર્થીને કેવી રીતે મદદરૂપ થઈ તેને શિક્ષણથી વંચિત ન રહી જાય તે અંગેનાં ખૂબ જ ઉપયોગી સૂચનો કરી દ્ઈં અંગે અને વખતોવખત સરકારશ્રી દ્વારા થતા ફેરફારો વિદ્યાર્થી હિતને ઘ્યાનમાં રાખી કરવામાં આવે છે તેમ જણાવ્યું હતું દિગ્વિજયસિંહ સોલંકીએ કેવી રીતે રજિસ્ટ્રેશન કરવુ અને ઈમેઈલ આઈડી ક્રીએટ કરવું તેની પ્રેકટીકલ કરાવી સરળ રીતે વાકેફ

## ડીસા માં આજે દાઉદી વ્હોરા સમાજ દ્વારા રમઝાન ઈદ ની ઉજવણી કરાઈ



ડીસા

ડીસા માં આજે એકમ ના દિવસે ડીસા માં વસતા દાઉદી વોહરા સમાંજે રમઝાન ઈદ ની ઉલ્લાસભેર માહોલ માં ઉજવણી કરી હતીજેમાં સવારે સદર બજાર ખાતે આવેલ દાઉદી વોહરા સમાજ ની મસ્જિદ ખાતે આજે સવારે મુલ્લાં તાહેરભાઈ નાદીમ એ નમાઝ અદા કરવી હતી તેમને જણાવ્યું હતું કે દેશ માં કોમી એકતા ભાઈચારો જાળવી ઈદ ની ખુશી મનાવવા કહ્યું હતું જેમાં જૌહરભાઈ વોહરા, અસગર ભાઈ વોહરા, હુસેનભાઇ વોહરા સહિત ઉપસ્થિત રહ્યા હતા નમાઝ બાદ એક બીજા ને ગળે મલી ઈદ મુબારકબાદી પાઠવી ખુશી વ્યક્ત કરી હતી

## ધાર્મિક રજાઓ દરમિયાન પરમાત્માનું સ્મરણ - સંત રાજીન્દર સિંહજી મહારાજ

સમગ્ર વિશ્વમાં તમામ ધર્મના લોકો વર્ષના જુદા જુદા સમયે વિશેષ રજાઓ ઉજવે છે. ભલે આપણે ગમે તે આસ્થાના હોઈએ પરંતુ સંતો, રહસ્યવાદીઓ, માસ્ટર્સ, આધ્યાત્મિક શિક્ષકો અને પ્રબુદ્ધ માણસોના જીવન તથા તેમના ઉપદેશોને યાદ કરવા માટેના ખાસ દિવસો છે જેમણે પરમાત્મા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. દરેક ધર્મના બાહ્ય રિવાજો અલગ અલગ હોઈ શકે છે પરંતુ દરેકનો ઉદ્દેશ એક જ છે. સર્જનહાર નું સ્મરણ.

ભલે આપણે બાહ્ય રિવાજોમાં રજાઓ નો સમય પસાર કરીએ જેમ કે આપણા પૂજાસ્થાનમાં હાજરી આપવી, મીણબત્તી પ્રગટાવી, ઘંટડીઓ વગાડવી વિશેષ પ્રાર્થના કરવી અથવા શાસ્ત્રોને વાંચવા. દરેક આસ્થામાં સમાનતા એ છે કે આ કાર્યો આપણું ધ્યાન પરમાત્મા તરફ દોરવા માટે છે. તમામ ઉપદેશ અનુસાર ભગવાન બહાર જોવા મળતા નથી પરંતુ આપણી અંદર હોય છે. બાહ્ય



રિવાજો નિભાવવા સહેલા છે. પરંતુ આપણે આપણી અંદર રહેલા આ પરમાત્માના સંપર્ક કેવી રીતે કરી શકીએ?

ઘણા લોકો આજે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સુધારવા જેવા ફાયદા માટે ધ્યાન કરે છે. તબીબી સંશોધકો અને ડોક્ટર એ શોધી કાઢ્યું છે કે ધ્યાન આપણા હૃદયના ધબકારા અને મગજના તરંગો ને ધીમું કરે છે. અને આ શાંતિની અસર હૃદય રોગ, ખેંચ, કેન્સર, પાચન અને રુધિરાભિસરણ સમસ્યાઓ, માથાનો દુખાવો અને અન્ય વિકૃતિઓ જેવી કે તણાવ સંબંધી બીમારીઓનું જોખમ ઘટાડી શકે છે. તે આપણને ભાવનાત્મક સમસ્યાઓમાં પણ વધુ સારી રીતે વ્યવહાર કરવામાં મદદરૂપ થાય છે. અભ્યાસ અનુસાર ધ્યાન અને એકાગ્રતામાં વધારો થવાથી માનસિક ક્ષમતાઓ પણ વધારો દર્શાવે છે. જોકે આપણી શારીરિક તથા માનસિક સુખ ના ફાયદા કરતાં પણ ધ્યાન નું ઘણું ઊંડું તથા ઊંચું મૂલ્ય છે. ધ્યાન આપણને આધ્યાત્મિક લાભ તરફ દોરી શકે છે. આનો સૌથી મોટો લાભ છે કે આપણી આત્માનું પરમાત્મા સાથે જોડાણ. આપણે ભલે બહારથી રજાઓ કેવી રીતે પણ પસાર કરીએ પરંતુ આપણે થોડો સમય મૌન બેસીને ધ્યાન કરવા માટે આપીએ. આપણે પરમાત્માને શોધવા માટે આપણું ધ્યાન અંદરની તરફ કરીએ.

જ્યારે આપણે શાંત બેસીએ છીએ. આપણા વિચારોને શાંત કરીને અંદરની તરફ જોઈશું તો આપણે આંતરિક પ્રકાશ જોવા તથા દિવ્ય સંગીત સાંભળવા મળે છે. આંતરિક પ્રકાશ તથા દિવ્ય ધ્વનિ એ પ્રવાસ છે જેના દ્વારા જોડાઈને આપણે પરત પરમાત્મા સાથે જોડાઈ શકીએ છીએ. આંતરિક પ્રકાશ તથા દિવ્ય ધ્વનિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને આપણી

# પાટણ જિલ્લાના જૂનામાંકા ગામે ભાવિક ભક્તો શિષ્યો અને ગ્રામ પિતૃ આત્મા મોક્ષાઅર્થે ભાગવત સપ્તાહ....




આજ રોજ ચૈત્ર નવરાત્રી મહાપર્વ માં તારીખ ૯/૪/ ૨૦૨૪ ના રોજ વઢિયાર પંથકની ધન્ય ધરામાં સંતો મહંતો ની પુણ્યશાળી ભુમિ શ્રી કૌશલાનંદજીની ભજન ભૂમિ તેમજ પ્રાગદાસબાપુની જન્મ ભૂમિમાં શિવસંગમ સંન્યાસ આશ્રમ મધ્યે આયોજીત શાસ્ત્રી શ્રી વિપુલભાઈ રાજગોર ના શ્રી મુખેથી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ તેમજ કૌશલાનંદજી મહારાજ (મૂર્ખા નંદબાપુ) નો ભંડારો અને સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ નુ આજ રોજ દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું જેમાં શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ જેમના નેજા હેઠળ થઈ રહી છે એવા મહંત શ્રી બ્રહ્મચારી પ્રકાશા નંદજી મહારાજ (શ્રી પંચમુખી હનુમાનજી મહારાજ મંદીર આદિપુર) વિજયગીરી બાપુ (ગરનાળા) જયદેવ સ્વરૂપ બાપુ (નાયકા) હંસાગીરી માતાજી (મોરબી) તેમજ ડાકોર સંકૃત પાઠશાળાના પ્રધાનાઆચાર્ય ડો.દુર્ગાશંકર ભાઈ તેમજ લાભશંકર રાજગોર (સમી) ગૌભક્ત તેમજ કથાના મુખ્ય યજમાન શ્રી નારણભાઈ પ્રાગદાસ પટેલ (ગોદડિયા પરીવાર ) વિશ્વ હિન્દુ પરિષદ ધર્મચાર્ય વિભાગ પ્રાંત સદસ્ય નીતિનભાઈ વ્યાસ તેમજ સમસ્ત જૂનામાંકાઅને આજુ બાજુ ગામ ના ગ્રામજનો ઉપસ્થીત રહ્યા હતા તેમજ વાજતે ગાજતે રામમઢી થી રામમંદીર રાધેકૃષ્ણા મંદીર સિકોતર માતાના મંદિરે શાસ્ત્રી શ્રી ભરતભાઈ જોષી દ્વારા સ્થાપિત દેવતાઓનુ પુજન અર્ચન કરીને પોથીજી માથે પધરાવી કથા મંડપ માં પધરાવવામાં આવ્યા તેમજ શાસ્ત્રીજી દ્વારા પ્રથમ દીવસે ભાગવતજી નો મહિમા સમજવામાં આવ્યો તેમજ પધારેલ સંતો મહંતો અતિથિઓ એ ભોજન પ્રસાદ લીધો અને ભક્તિમય અને ભાગવતમય વાતાવરણ સર્જાયું હતું અને આનંદ હિ આનંદ ગામમાં સવાયો હતો ??

# "રાજ શેખાવત" ની એરપોર્ટ થી પોલીસ બળ દ્વારા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ




કરણી સેનાના અધ્યક્ષ રાજ શેખાવતે અમદાવાદ એરપોર્ટ થી આજે સવારે એક વિડીયો જાહેર કરીને જાહેર કર્યું હતું કે બધાએ આજે બપોરે ૨:૦૦ વાગે કમલમ પહોંચવાનું છે અને આપણે આપણી રજૂઆત કરવાની છે. પરંતુ શાસક સરકારે આવી કોઈ તક ફરિયાદ કરવાની રાજશેખાવત ને આપી નહીં અને પોલીસબળ નો ઉપયોગ કરીને રાજશેખાવતની એરપોર્ટથી ધરપકડ કરી લીધી અને તે પણ પોલીસ બળ પ્રયોગથી રાજશેખાવત એટલે કે ક્ષત્રિયની પાઘડી પણ પોલીસ દ્વારા ઉછાળી કાઢવામાં આવી જે જાહેર વીડિયોમાં સમગ્ર મીડિયાએ બતાવ્યું છે. પુરષોત્તમ રૂપાલા ના ક્ષત્રિયો સામે ના ખોટા અને જુઠ્ઠા નિવેદનોને લઈને ક્ષત્રિય સમાજમાં રોષ ફેલાયો હતો પરંતુ ભાજપના રાજપૂતો ભાજપૂત બનીને સમાજ ને નુકશાન કતી રહ્યાંછે તેવો રોષ સમગ્ર ક્ષત્રિય સમાજ માં છે.. કોઈપણ સમાજ આવા રૂપાલા જેવા ના નિવેદનોને સ્વીકારી લે નહીં કે તેમની માફીને પણ સ્વીકારે નહીં હકીકતમાં ભારતીય જનતા પાર્ટી ભલે કેન્દ્રમાં અને રાજ્યમાં સત્તા ધરાવતી હોય તેમ છતાં તેમણે બીજી લોકસભાની સીટોમાં જેમ બદલાવ કર્યો છે તેમ આ પરસોતમ રૂપાલા ની જગ્યાએ પણ બીજો ઉમેદવાર મૂકી શક્યા હોત અને ક્ષત્રિય સમાજને ન્યાય આપ્યો હોત. હકીકતમાં ભારતીય જનતા પાર્ટીના આંતરિક લોકો જ આ આખા પ્રકરણને ટેકો આપીને ક્ષત્રિય સમાજમાં રોષ વધારી રહ્યા છે તેવા પણ આક્ષેપો થયા છે. ભાજપના જ મોદીજીએ માથે ચડાયેલા એવા ભરત બોઘરા ઉપર પણ માછલા ઘણા ધોવાયા છે અને તેમણે પણ ચોખવટ કરવાનો સમય પાકી ગયો છે. રાજ શેખાવતની જે રીતે પોલીસ બળથી ધરપકડ કરવામાં આવી અને તેમની ફરિયાદ કમલમમાં સાંભળવામાં ન આવી તે ભારોભાર એક ક્ષત્રિય સમાજને અન્યાય કર્યા બરાબર છે. ભારતીય જનતા પાર્ટીએ બહુમત બાબતે આટલા બધા છકી જવાની જરૂર નથી. બૌદ્ધિક પ્રજાની અંદર હાલમાં ઈડી અને સીબીઆઈની રેડો અને આ ક્ષત્રિય સમાજને અન્યાય ન આપવાની ઘટના એ ભાજપને ભવિષ્યમાં મોટો ફટકો આપે તો નવાઈ નહીં.

# સોમવતી અમાસે વિશ્વના એકમાત્ર કુબેર ભંડારી મંદિરે માનવ મહેરામણ ઉમટી પડ્યું

ડભોઇ તાલુકાના પવિત્ર યાત્રાધામ કુબેર ભંડારી કરનારી મંદિરે વર્ષ ની પ્રથમ સોમવતી અમાસ ભુતડી અમાસે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુ ઉમટી પડ્યા હતા હિન્દુ ધર્મ મા સોમવતી અમાસનું અનેરુ મહત્વ હોવાથી ખૂબ મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ નર્મદા નદીમાં સ્નાન કર્યું હતું. કુબેર ભંડારી કરનારી ખાતે મંદિર પ્રશાસન દ્વારા સોમવતી અમાસ નિમિત્તે વિવિધ ફૂલોનો શણગાર કરવામાં આવ્યો હતો તેમ જ મુંબઈના નાંદેડ વિસ્તારના શિવભક્તોએ દાદાને ડ્રાયફ્રુટ નો શણગાર કરી ધન્યતા અનુભવી હતી મંદિર પ્રશાસન દ્વારા દરમાસે અવનવી કલાકૃતિઓ થી મંદિરને સુશોભિત કરવામાં આવે છે સોમવતી અમાસ નિમિત્તે ભાવિક ભક્તોના ધસારાને લીધે મંદિર ટ્રસ્ટ દ્વારા બે ડોક્ટર્સની ટીમ પણ ખડે પગે રાખવામાં આવી હતી ભક્તોની સલામતી અને વાહન પાર્કિંગ માટે પણ ખૂબ સુંદર સગવડ કરવામાં આવી હતી ભાવિક ભક્તોના ભોજન માટે મંદિર ટ્રસ્ટે ભંડારાનું ખુબ સરસ આયોજન કર્યું હતું હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓએ પ્રસાદી નો લાભ લીધો હતો. મંદિરના ટ્રસ્ટી શ્રી દિનેશગીરી મહારાજ જણાવે છે કે સોમવતી અમાસે ટ્રસ્ટ દ્વારા મેડિકલ ઈમરજન્સી માટે બે ડોક્ટર્સ વિશાલ પાર્કિંગ ખાનગી સિક્યુરિટીઝ અને ભક્તો માટે ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે વધુમાં જણાવતા તેમણે મા નર્મદા નદીને સ્વચ્છ રાખવા માટે પણ અપીલ કરી હતી લાખોની સંખ્યામાં વિવિધ રાજ્યમાંથી આવતા દર્શનાર્થીઓએ શાંતિપૂર્ણ દર્શન કર્યા હતા .અમાસ નિમિતે દાદા ના ભક્તો એ રંગબેરંગી પાઘડી અર્પણ કરી હતી. દેશ વિદેશમાં રહેતા ભાવિક ભક્તો માટે પણ ટ્રસ્ટ દ્વારા ઓનલાઇન દર્શન કરી શકે તે માટે સગવડ કરવામા આવી છે. મંદિર ના ટ્રસ્ટી નંદગીરી મહારાજે અમાસ ભરતા સૌ ભાવિક ભક્તો અને પોલીસતંત્ર નો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

સૌરભ ત્રિવેદી

# દિવ્યપથ ના ૮ બાળકો નુ આઈઆઈટી મુંબઈ ખાતે ઉત્કૃષ્ટ પ્રદર્શન

આ વર્ષે ડિસેમ્બર ૨૦૨૩ મા દિવ્યપથના ધોરણ ૬ થી ૧૧ ના ૫૪ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ Techradiance ™e "AI PYTHON" ની બે દિવસીય વર્કશોપમાં ભાગ લીધો હતો.

૮મી અને ૯મી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ આયોજિત આ વર્કશોપ, વિદ્યાર્થીઓને અદ્યતન Artificial Intelligence અને પાયથોન પ્રોગ્રામિંગ કોન્સેપ્ટ્સનો અભ્યાસ કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું, જે ટેક ક્ષેત્રમાં શ્રેષ્ઠતા તરફની તેમની સફરનો માર્ગ મોકળો કરે છે.

આ સહભાગીઓમાંથી, ૮ ઉત્કૃષ્ટ વિદ્યાર્થીઓનેં બોમ્બે ખાતે યોજાયેલી પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સ્પર્ધામાં દિવ્યપથનું પ્રતિનિધિત્વ



કરવા માટે પસંદ કરવામાં આવ્યા હતા.રાષ્ટ્રીય સ્પર્ધા, Techradiance ની કોડિંગ હેકાથોન ચેમ્પિયનશિપનો ભાગ, ૬ઠ્ઠી અને ૭મી એપ્રિલ ૨૦૨૪ ના રોજેં બોમ્બેના પ્રતિષ્ઠિત સ્થળ પર યોજાઈ હતી. સ્પર્ધામાં સમગ્ર દેશ ની ટોચની ટેક પ્રતિભાઓ વચ્ચે ઉગ્ર છતાં મૈત્રીપૂર્ણ હરીફાઈ જોવા મળી હતી

આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં દિવ્યપથ ના વિદ્યાર્થીઓ મન , વૃષિ , અનીશ કલાલ , દેવ તેજવાણી , સમ્રાટ , સૌમ્યા , તકશીલ

સત્યમ કુલકર્ણી ને પસંદ કરવામાં આવ્યા હતા.

આ વિદ્યાર્થીઓએ અસાધારણ કૌશલ્યો અને સર્જનાત્મકતા દર્શાવી, માત્ર પોતાના માટે જ નહીં પરંતુ તેમની શાળા અને તેમના માર્ગદર્શક માટે પણ ઓળખ મેળવી. નોંધનીય રીતે, તેમાંથી સાત બાળકો એ એઆઈ પાયથોન કેટેગરીમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો, જ્યારે એક વિદ્યાર્થી, સત્યમ કુલકર્ણી લાઈન ફોલોઈંગ રોબોટ કેટેગરીમાં નેશનલ લેવલે પસંદ પામ્યો હતો .Techradiance સતત વિકસતા ટેક લેન્ડસ્કેપમાં નવીનતા અને શ્રેષ્ઠતાની સંસ્કૃતિને ઉત્તેજન આપતા ટેક લીડર્સની આગામી પેઢીને પ્રેરણા અને સંવર્ધન કરવાનું ચાલુ રાખે છે. અને દિવ્યપથ ૨૦૧૮ થી આ સ્પર્ધા માં ભાગ લે છે અને બાળકો દર વર્ષેં ખ્દ્વ- હ્વક્રઅ માટે પસંદ થાય છે .



આગામી લોકસભા ચુંટણી- ૨૦૨૪ ના વધુમાં વધુ મતદાન થાય તે અંગેની જાગૃતિ માટે ધ કે.પી.ઇ.એસ.ઇંગ્લિશ સ્કૂલ , ભાવનગર ખાતે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી , ભાવનગરના એજ્યુકેશન ઈન્સપેક્ટરશ્રી કિરીટભાઈ સુવાસાહેબ , મોરચંદ સરકારી હાઈસ્કૂલના આચાર્યશ્રી કુણાલભાઈ ભટ્ટી , હાથબ સરકારી પ્રાથમિક સ્કૂલના શિક્ષકશ્રી મિતુલભાઈ , શાળાના આચાર્યશ્રી સહિતનો સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓ જોડાયા. સૌએ સાથે મળી વધુ મતદાન થાય તે માટે શપથ લેવાયા તેમજ સિગ્નેચર કેમ્પઇન કરવામાં આવ્યું..

### કર્ણાવતી મહાનગર પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડીટોરીયમ ખાતે

# ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલજી તેમજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની વિશેષ ઉપસ્થિતિમાં ઉતર ગુજરાત સોશિયલ મીડિયા મીટ યોજાઈ

કર્ણાવતી મહાનગર પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડીટોરીયમ ખાતે ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલજી તેમજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની વિશેષ ઉપસ્થિતિમાં ઉતર ગુજરાત સોશિયલ મીડિયા મીટ યોજાઈ હતી.

આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલ,કલસ્ટર ઇન્ચાર્જ શ્રી કે.સી.પટેલ,કર્ણાવતી મહાનગરના પ્રમુખશ્રી અમિતભાઈ શાહ,મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન,કર્ણાવતી મહાનગરના મહામંત્રીશ્રીઓ શ્રી ભૂષણભાઈ ભટ્ટ,શ્રી પરેશભાઈ લાખાણી,પૂર્વ મંત્રીશ્રી પ્રદીપભાઈ પરમાર,પ્રદેશ મીડિયા કન્વીનર શ્રી ડૉ યજ્ઞેશભાઈ દવે,પ્રદેશ સોશિયલ મીડિયાના ઇન્ચાર્જ શ્રી પંકજભાઈ શુક્લા,શ્રી મનનભાઈ દાણી,પ્રદેશ આઈટી સેલના ઇન્ચાર્જશ્રી નીખીલભાઈ પટેલ,અમદાવાદ પૂર્વના સાંસદશ્રી અને લોકસભાના ઉમેદવાર શ્રી એચ.એસ. પટેલ,અમદાવાદ પશ્ચિમ લોકસભાના ઉમેદવારશ્રી દિનેશભાઈ



મકવાણા,ધારાસભ્યશ્રીઓ શ્રી જીતુભાઈ ભગત, શ્રી અમિતભાઈ ઠાકર તથા ઉતર ઝોનના સોશિયલ મીડિયાના પદાધિકારીશ્રી અને કાર્યકર્તાશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી અરવિંદ વિજયનની ઉપસ્થિતિમાં ઈવીએમનું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન હાથ ધરવામાં આવ્યું

લોકસભા સામાન્ય ચૂંટણી -૨૦૨૪નું મતદાન સમગ્ર ગુજરાત રાજ્યની સાથે પાટણ જિલ્લામાં પણ ત્રીજા તબક્કામાં આગામી મે મહિનાની ૭મી તારીખે યોજાનાર છે. ત્યારે સમગ્ર પાટણ જિલ્લામાં ચૂંટણીલક્ષી કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જેના ભાગરૂપે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી અરવિંદ વિજયનની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે ઈવીએમનું ઈલેક્ટ્રોનિક રેન્ડમાઈઝેશન તા ૬ એપ્રિલનાં રોજ હાથ ધરવામાં આવ્યું હતું. તેમજ ઈવીએમ ફાળવણી તા.૭ એપ્રિલનાં રોજ કરવામાં આવી હતી. જેમાં જિલ્લાની વિવિધ રાજકીય પાર્ટીઓના પ્રતિનિધીઓએ ઈલેક્ટ્રોનિક રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા પ્રત્યક્ષ નિહાળી હતી. અહીં બે વાર ઈવીએમ રેન્ડમાઈઝેશન કરી સમગ્ર પ્રક્રિયાને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

ઈવીએમ રેન્ડમાઈઝેશનની આ પ્રક્રિયા દરમિયાન જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી અરવિંદ વિજયને ફર્સ્ટ રેન્ડમાઈઝેશન દરમિયાન જિલ્લાના દરેક વિધાનસભા મતવિસ્તારને તેના મતદાન મથકની સંખ્યાના ૧૨૫% લેખે બેલેટ યુનિટ, ૧૨૫% લેખે કન્ટ્રોલ યુનિટ અને ૧૩૫% લેખે વીવીપેટ ફાળવણી વિશે જણાવ્યું હતુ.પાટણ કલેક્ટર કચેરી ખાતે ના વેર હાઉસમાંથી રાધનપુર વિધાનસભામાં ૪૦૬ બીયુ, ૪૦૬ સીયુ અને ૪૩૮ વિવિપેટ સોંપવામાં આવ્યા છે. તો ચાણસ્મા વિધાનસભામાં ૩૯૫ બીયુ, ૩૯૫ સીયુ, અને ૪૨૬ વિવિપેટ, સિદ્ધપુર વિધાનસભામાં ૩૩૮ બીયુ, ૩૩૮ સીયુ અને ૩૬૫ વિવિપેટ સોંપવમાં આવ્યા છે. જયારે પાટણ વિધાનસભામાં ૩૮૫ બીયુ, ૩૮૫ સીયુ અને ૪૧૫ વિવિપેટ મદદનીશ ચૂંટણી અધિકારીને સોંપવમાં આવ્યા હતા .ફર્સ્ટ રેન્ડમાઈઝેશન બાદ રેન્ડમાઇઝ્ડ ઈફસ્ની યાદી માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોને પૂરી પાડવામાં આવી હતી. પાટણ જિલ્લામાં તા. ૭ એપ્રિલના રોજ જિલ્લાના તમામ વિધાનસભા મતવિસ્તારોમાં ઈવીએમની સોંપણી કરવામાં આવી હતી. જ્યાં સંબંધિત મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા ઈફસ્નો વિધાનસભા મતવિભાગ કક્ષાના સ્ટ્રોંગરૂમમાં માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોની હાજરીમાં નિયત પ્રોટોકૉલ મુજબ સંગ્રહ કરવામાં આવ્યો હતો.ઈવીએમ રેન્ડમાઈઝેશનની આ પ્રક્રિયા દરમિયાન નિવાસી અધિક કલેક્ટરશ્રી બી એસ પટેલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એ.પી ઝાલા તથા ઈવીએમ નોડલ અધિકારીશ્રી અને આચાર્યશ્રી આઈટીઆઈ રાજપુર એમ.ઝેડ.વાઘેલા, રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ અને ચૂંટણીશાખાના અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધિણોજ ગામ નજીક બ્રિજની કામગીરી ચાલુ હોતા તેની ઉપર ભારે વાહનોનું ટ્રાફીક ૨૦ દિવસ માટે બંધ કરવા જાહેરનામું પ્રસિદ્ધ કરતા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અરવિંદ વિજયન

નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા પાટણ થી ગોજારીયા સુધી દ્વઉૅ-૬૮ ના ૦૪ લેનનું કામ ચાલુમાં હોઈ ધિણોજ ગામ નજીક બ્રિજ બનાવવામાં આવી રહેલ છે, જેથી હાલના બ્રિજ નીચે રેતી ધસવાના કારણે પોલાણ થવાની સંભાવના છે. તો સદર બ્રિજ ઉપર ભારે વાહનનોનું ટ્રાફીક ૨૦ દિવસ માટે બંધ કરવા જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

પાટણ થી ગોજારીયા સુધી દ્વઉૅ-૬૮ ના ૦૪ લેનનું કામ ચાલુમાં હોઈ જેમાં ધિણોજ ગામ નજીક બ્રિજ બનાવવામાં આવી રહેલ છે, જેથી હાલના બ્રિજ નીચે રેતી ધસવાના કારણે પોલાણ થવાની સંભાવના છે. તો સદર હાલના હયાત બ્રિજ ઉપર ભારે વાહનનોનું ટ્રાફીક ૨૦ દિવસ માટે બંધ કરવા રાખવાનું થાય છે. જેથી નીચે મુજબના ડાયવર્ઝનની વિગતે પોલીસ અધિક્ષકશ્રી, પાટણનાઓએ અત્રે દરખાસ્ત મોકલી આપેલ છે. સદરહું દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવક્ય જણાતા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અરવિંદ વિજયન, આઈ.એ.એસ., પાટણ જિલ્લો દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ -૩૩(૧)(ખ) થી મળેલ સત્તાની રૂએ તા.૦૯.૦૪.૨૦૨૪ થી તા.૨૮.૦૪.૨૦૨૪ સુધી નીચેના જાહેર રસ્તાનો ઉપયોગ કરવા આદેશ ફરમાવવામાં આવ્યો છે.

★ભારે વાહનોના ડાયવર્ઝનો માટે નીચે મુજબનું જાહેરનામું★

(૧) મહેસાણા થી ચાણસ્મા જતા ભારે વાહનો મહેસાણા ડી-માર્ટ સર્કલ થઇ નુગર સર્કલ થઇ મોઢેરા થી ચાણસ્મા આવ-જા કરશે.

(૨) ચાણસ્મા થી મહેસાણા જતા ભારે વાહનો ચાણસ્મા વડાવલી ત્રણ રસ્તા થી મોઢેરા થઈ મહેસાણા આવ-જા કરશે.

(૩) બાલીસણા થી રણુજ થી મહેસાણા જતા ભારે વાહનો બાલીસણા થી ઉઝાં થઈ મહેસાણા આવ-જા કરશે.

(૪) લણવા અને આજુ-બાજુ ના ગામથી મહેસાણા જતા ભારે વાહનો મુલથાણિયા થી સુણસર થઈ ધિણોજ મહેસાણા આવ-જા કરશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.